સફાઇ કામદારો અને તેઓના આશ્રિત હોવા અંગેના
દાખલાઓ આપવા સક્ષમ અધિકારીઓ નિયત કરવા
અંગેના ઠરાવમાં સુધારો કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ એસસીડબલ્યુ-૧૦૦૨-૧૯૩૫-ગ
સચિવાલય, ગાંધીનગર
તારીખ :૨૮-૫-૨૦૦૪

વંચાણે લીધા :- (૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તારીખ ૯-૧૨-૨૦૦૦ નો ઠરાવ ક્રમાંક : એસસીડબલ્યુ-૧૦૯૭-ન.બા.૩૩-ગ

(૨) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો સરખા ક્રમાંકનો તારીખ ૧૬-૧૧-૨૦૦૨ નો ઠરાવ.

ઠરાવ :-

આમુખમાં દર્શાવેલ ક્રમાંકઃ ૧ આગળના ઠરાવથી પૂજ્ય ઠક્કરબાપા સફાઇ કામદાર પુનઃસ્થાપન યોજના અમલમાં મૂકવામાં આવેલ છે. અને આ ઠરાવની જોગવાઇ અનુસાર આમુખમાં ક્રમાંક-૨ આગળ દર્શાવેલ ઠરાવથી સફાઇ કામદારો અને તેમના આશ્રિતોને સફાઇ કામદાર તરીકેનો દાખલો આપવા માટે અધિકૃત અધિકારીઓ નિયત કરવામાં આવ્યા છે. યોજના ના સરળ અમલીકરણ માટે તેમજ એનએસકેએફડીસી નવી દિલ્હીની ગાઇડ લાઇન્સ ધ્યાને લેતાં સંદર્ભ હેઠળનાં તા. ૧૬-૧૧-૨૦૦૨ ના ઠરાવમાં સુધારો કરી નીચે જણાવેલ અધિકારીશ્રીઓને સફાઇ કામદાર અને તેમના આશ્રિતોને દાખલા આપવા માટે અધિકૃત કરવા આથી ઠરાવવામાં આવે છે.

| ક્રમ. | વિસ્તાર. | સફાઇ કાર્મચારીનો દાખલો આપવા માટે નિયત કરવામાં આવેલ સક્ષમ અધિકારીનો હોદ્દો. |
|---|---|---|
| ૧. | મહાનગરપાલિકા વિસ્તારમાં ફરજ બજાવતા સફાઇ કર્મચારીઓ માટે. | સંબંધિત મહાનગરપાલિકાના ગેઝેટેડ ઓફિસરથી નીચેની કક્ષાના ન હોય તેવા અધિકારી |
| ૨. | નગરપાલિકા / નોટિફાઇડ વિસ્તારમાં ફરજ બજાવતાં સફાઇ કર્મચારીઓ માટે | ચીફ ઓફિસર |
| ૩. | નગરપાલિકા બરો/નગર પંચાયત વિસ્તારમાં ફરજ બજાવતા સફાઇ કર્મચારીઓ માટે | ચીફ ઓફિસર |
| ૪. | ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતા સફાઇ કર્મચારીઓ માટે | તલાટી-કમ-મંત્રીના પ્રમાણપત્ર ઉપર તાલુકા વિકાસ અધિકારી અથવા મામલતદારની પ્રતિ સહી ( કાઉન્ટર સાઇન ). |
| ૫. | સરકારી /અધિકારી અને કેન્દ્ર સરકારની કચેરીમાં ફરજ બજાવતા સફાઇ કર્મચારીઓ માટે | કચેરીના વડા અથવા જે તે કચેરીના ગેઝેટેડ ઓફિસરથી નીચેની કક્ષાના ન હોય તેવા અધિકારી |

| | | |
|---|---|---|
| ૬. | ખાનગી હોસ્પિટલો, હોટલો, રેસ્ટોરન્ટ વ[illegible]ાં સફાઈનું કામ કરતાં સફાઈ કામદારો માટે | જે તે નોકરીદાતા ધ્વારા અપાયેલ પ્રમાણપત્રમાં ઉપર જણાવેલ અનુ. નં. ૧ થી ૪ મુજબ વિસ્તારને અનુલક્ષીને સંબંધિત અધિકારી અથવા રાજયપત્રિંત મહેસુલી અધિકારી ધ્વારા પ્રતિસહી ( કાઉન્ટર સાંઈન) કરેલ પ્રમાણપત્ર. |
| ૭. | સોસાયટી/મહોલ્લામાં સફાઈનું કામ કરતા સફાઈ કામદારો માટે | |
| ૮. | ખાનગી કોન્ટ્રાકટરો ધ્વારા રોકવામાં આવેલ સફાઈ કામદારો માટે | |
| ૯. | અન્ય જંગ્યાએ કામ કરતા સફાઈ કામદારો માટે | |

આ ઠરાવનો અમલ રવાના થયા તારીખથી ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમની ત[illegible]નાઓ માટે અમલમાં રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રી ના હુકમથી અને તેમના નામે,

( કે.એલ.તબિયાર )
ઉપ સચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

- મા. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી, (સામાજીક ન્યાય અને અધિકારીતા ) ના અંગત સચિવશ્રી, સચિવાલય , ગાંધીનગર
- માન. નાયબ મંત્રીશ્રી, (સામાજીક ન્યાય અને અધિકારીતા ) ના અંગત સચિવશ્રી, સચિવાલય , ગાંધીનગર
- સર્વે માન. મંત્રીશ્રીઓ/રાજય કક્ષાના મંત્રીશ્રીઓ/ નાયબ મંત્રીશ્રીઓ/મા. મુખ્યમંત્રશ્રીના સંસદીય સચિવશ્રીઓ,
- માન. વિરોધ પક્ષના નેતાશ્રી, વિરોધ પક્ષના નેતાશ્રીનું કાર્યાલય, ગુજરાત વિધાનસભા, સચિવાલય , ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજય, અમદાવાદ / રાજકોટ
- અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ( પંચાયત ) પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ( ગ્રામ વિકાસ ) પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણાંકીય સલાહકારશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય,ગાંધીનગર
- અધ્યક્ષશ્રી, ગુજરાત સફાઈ કામદાર વિકાસ બોર્ડ, ગાંધીનગર
- નિયામકશ્રી, નગરપાલિકાઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતું, ગુજરાત રાજય, ગાંધીનગર
- વિકાસ કમિશ્નર, ગુજરાત રાજય, જુના સચિવાલય,ગાંધીનગર
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત સફાઈ કામદાર વિકાસ બોર્ડ, ગાંધીનગર
- સર્વે જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ,
- સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીઓ
- સર્વે મ્યુનિસિપાલિકાઓના મુખ્ય અધિકારીશ્રીઓ/નિયામકશ્રી, નગરપાલિકાઓ મારફતે.
- સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ,
- સર્વે જિલ્લા મેનેજરશ્રી, ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર
- સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગની સર્વે શાખાઓ, ( ગ.શાખા સિવાય )
- સિલેકટ ફાઈલ